OCR
RECOGNISING ACHIEVEMENT

# Thursday 16 May 2013 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2013 [H/500/8403]
DC (AC) 63693/4
OCR is an exempt Charity

**Turn over**

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**કલાઓ**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

સ્નેહા ક્યારે શું કરે?

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| રવિવારે | સોમવારે | ગુરુવારે | શનિવારે |
| | | | |

૧ તબલાં વગાડે

૨ શાસ્ત્રીય નૃત્ય શીખે

૩ ગીતો ગાય

૪ વાજિંત્ર વગાડે

૫ લોકનૃત્ય કરે **[૪]**

© OCR 2013

**બ)** **સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**(ચ)** બાળવયે સ્નેહા તેનાં માતા સાથે ગાતી...

ક ...કવિતાઓ ☐

ખ ...ભક્તિગીતો ☐

ગ ...નૃત્યગીતો ☐

**(છ)** હાલમાં તેને ગાવાં ગમે છે ...

ક ...ફિલ્મોનાં ગાયનો ☐

ખ ...ભજનો ☐

ગ ...લોકગીતો ☐

**(જ)** તેને સૌથી વધારે ગમતાં ગીતો છે...

ક ...રફીનાં ☐

ખ ...લતાનાં ☐

ગ ...મુકેશનાં ☐

**(ઝ)** સ્નેહાની માન્યતા પ્રમાણે લતાજીએ ગાયાં છે ...

ક ...ફક્ત બાળગીતો ☐

ખ ...ફક્ત ભજનો ☐

ગ ...જાતજાતનાં ગીતો ☐

© OCR 2013

**(ટ)** સ્નેહા ગાય ત્યારે તેનો ભાઈ ...

ક ...હારમોનિયમ વગાડે. ☐

ખ ...તબલાંનો તાલ આપે. ☐

ગ ...તેની સાથે ગાય. ☐

**(ઠ)** સ્નેહાને રાસ-ગરબા કરવા ગમે કારણ કે ...

ક ...તેને શિસ્ત જાળવવી ગમે છે. ☐

ખ ...તે દાંડિયાથી નાચી શકે છે. ☐

ગ ...તે છૂટથી હરીફરી શકે છે. ☐

**(ડ)** નાચ કરવાથી સ્નેહાનું ...

ક ...શરીર ચપળ બને છે. ☐

ખ ...વજન પ્રમાણસર રહે છે. ☐

ગ ...મન હળવું રહે છે. ☐

**(ઢ)** સ્નેહાના શોખનો સૌથી મોટો લાભ છે કે ...

ક ...તે તંદુરસ્ત રહે છે. ☐

ખ ...તે આનંદમાં રહે છે. ☐

ગ ...તેને ઘણા દોસ્તો મળ્યા છે. ☐

**[૮ ગુણ]**

© OCR 2013

**સવાલ ૨: શ્રવણ** **[૧૩ ગુણ ]**

## તંદુરસ્તી

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| અણગમતાં | આનંદ | ઉતારવા | ઓછી | ખલાસ |
| ચાલવા | ટકાવવા | તંદુરસ્ત | તાજગી | પછી |
| પાતળું | ફક્ત | થોડોક | બીમારી | બેસવા |
| રોજિંદા | વગર | વિચારવાનું | વ્યાયામ | સતત |
| હળવામળવાનું | | | | |

આપણા શરીરને **(ક)**................ રાખવા સમતોલ ભોજનની સાથે સાથે **(ખ)**.............. પણ જરૂરી છે. જીમ કે તરણહોજમાં ગયા **(ગ)** .............. પણ આપણે કસરત કરી શકીએ. ઘર કે બગીચાની સાફસૂફી જેવાં **(ઘ)**................ કામ કરવાથી શરીરને ઘણી કસરત મળે છે. કલાકેક માટે બહાર **(ચ)**.............. જવાથી શરીર અને મનને **(છ)**............. મળે છે. કસરતથી આપણા શરીરની ચરબી **(જ)**................ થાય છે. જો કે **(ઝ)** ................ ખોરાક અને કસરત જ શરીર માટે જરૂરી છે એવું નથી. શરીરને **(ટ)**................ આરામની પણ જરૂર પડે છે. ખૂબ થાકેલા શરીરમાં **(ઠ)**................ સહેલાઈથી આવે છે. મહેનત કર્યા પછી થાક **(ડ)** ................ આરામથી બેસવું જોઈએ. મગજમારીનું કામ **(ઢ)**............ લાંબો વખત ન કરવું જોઈએ. વચ્ચે વચ્ચે વિરામ લઈને મનના **(ણ)** ............ માટે કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ.

© OCR 2013

**Tast 3: Listening**

## NANDU'S NEW GADGET

**Listen to the story and answer the following questions IN ENGLISH.** **[15 marks]**

**(a)** Why was Nandu's father happy?

.......................................................................................................................................**[1]**

**(b)** How did Nandu's father reward him?

.......................................................................................................................................**[1]**

**(c)** Why was Nandu surprised by this reward?

.......................................................................................................................................**[1]**

**(d)** Who did Nandu communicate with that day and how?

| | **Who with** | **Communication** | |
|---|---|---|---|
| **Example** | Brother | Text message | |
| **(i)** | | | **[1]** |
| **(ii)** | | | **[1]** |

**(e)** How do Nandu and his parents normally relax on Sunday afternoons?

.......................................................................................................................................**[1]**

**(f)** Why did Nandu not join them that Sunday afternoon?

.......................................................................................................................................**[1]**

**(g)** What annoyed Nandu's parents in the mornings?

**(i)** His father?..........................................................................................................**[1]**

**(ii)** His mother?........................................................................................................**[1]**

**(h)** Why were Nandu's teachers keeping an eye on him?

.......................................................................................................................................**[1]**

© OCR 2013

**(i)** Why was Nandu having second thoughts about his phone? Give **three reasons**.

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**(iii)** ........................................................................................................................ **[1]**

**(j)** Give **two** reasons why Nandu agreed to restrict his phone use?

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

© OCR 2013

**Task 4: Writing**

**Your brother wants to send an e-mail to your aunt in Gujarat to thank her for a birthday present. He has written the e-mail in English and has asked you to put it into Gujarati before sending it.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

- Thank you for the money you sent me. I have been saving up for the latest phone.
- All my friends have a phone and say that they can't contact me.
- I have chosen a phone which takes pictures so I can send them to you.
- Mother will be less worried because I can call her when I am late.
- Somebody stole my friend's phone last week so I will take good care of mine.

© OCR 2013

પૂજ્ય કાકી,

વંદન

© OCR 2013

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### પ્રચાર માધ્યમો

**કેવલ:** મમ્મી ઘરમાં હોય ત્યારે ભારતીય રેડિયાના સૂર અમારા આખા ઘરમાં રેલાતા હોય. ગીતો ગાતી ગાતી તે ઘરનાં કામ આટોપતી જાય અને રેડિયામાં આવતી વાર્તાઓનો સાર મને સમજાવતી જાય. પપ્પા, મમ્મી અને હું કદી પણ સમાચાર સાંભળવાનું ચૂકીએ નહિ. રોજના શ્રવણને કારણે હું ગુજરાતી અને હિન્દી ભાષાઓ સારી રીતે બોલી અને સમજી શકું છું એટલે તેમાં આવતાં વિવિધ કાર્યક્રમો હું રસથી સાંભળું છું.

**દીપા:** મારા ઘરમાં અંગ્રેજી ટેલિવિઝનનું મહત્ત્વ વધારે છે એટલે મારી એ ભાષા વધુ સારી થઈ છે. પણ તેથી હું ભારતીય સંસ્કૃતિથી વંચિત રહું છું એવું જરા પણ  નથી. ભારતને લગતા કેટલાયે કાર્યક્રમો તેમાં રજૂ કરવામાં આવે છે. તેમાંથી મને ભારતના લોકો અને તેમનાં રીત-રિવાજ, ત્યાંનું રાજકારણ, ત્યાંના પ્રવાસ વગેરેની પૂરતી જાણકારી મળી રહે છે.

**સાઈદ:** મારા પિતાજી રોજ છાપાની લાંબી લાંબી વિગતો વાંચવામાં બે કલાક કાઢી નાખે પણ હું રોજ બે કલાકનો સમય ક્યાંથી કાઢું? મને તો ઇન્ટરનેટમાંથી માહિતી મેળવવાનું વધારે પસંદ છે. બાકી નિશાળનું કામ કરતાં કરતાં હું પણ ભારતીય રેડિયાના અનેકવિધ કાર્યક્રમો આનંદથી સાંભળું છું.

**સોના:** મને તો ભાઈ ભારતીય ટેલિવિઝન પર આવતી સીરિયલો જોવી ગમે! તેમાંથી હું આપણાં ધર્મ, રહેણીકરણી, ઈતિહાસ, વગેરે વિશે ઘણું શીખી છું. એ સિવાય મારે ઘેર આવતાં ગુજરાતી સામયિક વાંચીને મારું ગુજરાતી લેખનકાર્ય સારું થયું છે. નિશાળનું કામ કરતી વખતે રેડિયો કે ટેલિવઝન ચાલુ હોય તો મારું ધ્યાન કામમાં ચોંટતું નથી.

**ઝકિર:** હું ટેલિવિઝન પર રમતગમતની મુખ્ય વિગતો જોઉં ખરો પણ મને આખી રમત તો રેડિયા પર જ સાંભળવી ગમે. સમાચાર અને રોજની બાબતો માટે હું ઇન્ટરનેટ વાપરું. તેની માહિતી આખો વખત તાજી કરવામાં આવે છે.

© OCR 2013

**સવાલ ૫ (અ)**

**દરેક વાક્ય કોને લાગુ પડે છે?**

**દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો.** **[૧૦ ગુણ]**

| સવાલ | | કેવલ | દીપા | સાઈદ | સોના | ઝકિર |
|---|---|---|---|---|---|---|
| દાખલો | રેડિયામાં આવતા જુદા જુદા કાર્યક્રમોની મજા માણે છે | ✓ | | ✓ | | |
| ક | કામના સમયે રેડિયાની દખલ ગમતી નથી. | | | | | |
| ખ | રોજ સમાચાર વાંચવા માટે વખત નથી. | | | | | |
| ગ | ટેલિવિઝન દ્વારા ભારતીય સંસ્કૃતિ વિશે માહિતી મેળવે છે. | | | | | |
| ઘ | રમતગમતની પૂરી માહિતી માટે રેડિયો વધારે સારો છે. | | | | | |
| ચ | ટેલિવિઝનને કારણે અંગ્રેજી સારું થયું છે. | | | | | |
| છ | ઇન્ટરનેટ પર વિવિધ માહિતી વાંચે છે. | | | | | |
| જ | તેના કુટુંબ સાથે સમાચાર સાંભળે છે. | | | | | |
| ઝ | નિશાળનું ગૃહકાર્ય કરતી વખતે રેડિયો સાંભળવો ગમે છે. | | | | | |

© OCR 2013

સવાલ ૫ (બ)

**નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ શોધી ખાલી જગ્યા પૂરો.** **[૧૦ ગુણ]**

| | | | |
|---|---|---|---|
| ખુશીથી | ખોટી | ગુંચવાડો | ચશ્મા |
| ટિકા | તરત | ન | ભૂંસી |
| માહિતી | મોડેથી | રસભર્યા | રસોઈ |
| લાંબી | લેખન | વખત | વાંચી |
| સામાન્ય | સાંભળી | સુધારી | સુધારો |

ઘરનાં અનેક કામકાજ કરતાં કરતાં રેડિયો **(ક)** ...................... સાંભળી શકાય પણ વાંચન કે

**(ખ)** ........................ કરતી વખતે તે દખલરૂપ બની શકે. રેડિયામાં ગીતો ઊપરાંત અનેક જાતના

**(ગ)** ......................... કાર્યક્રમો આવે છે. રોજ રેડિયો સાંભળવાથી કે ટેલિવિઝન જોવાથી આપણી ભાષામાં

**(ઘ)** ......................... થાય છે. હ્વે તો બધાં જ માધ્યમોમાં ભારત વિશે **(ચ)**................ આવતી હોય છે.

ઇન્ટરનેટને કારણે આપણને નવા સમાચાર **(છ)** ......................... જ મળે છે. છાપાંમાં ઘણી

**(જ)** .........................વિગતો આપેલી હોય પણ એ વાંચવા માટે બધા પાસે **(ઝ)** ........................ ન હોય.

ટેલિવિઝનમાં બધું **(ટ)** ......................... અને જોઈ શકાય એટલે એ વધારે દિલચસ્પ લાગે. ગુજરાતી

સામયિકો વાંચીને આપણું લેખનકાર્ય **(ઠ)** ......................... શકાય છે.

© OCR 2013

BLANK PAGE

© OCR 2013

સવાલ ૬: વાંચન

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ઇરફાનનું નસીબ કે તેની મહેનત?**

વીસ વર્ષના ઇરફાનનો જન્મ અમદાવાદમાં થયો હતો. તે તેના પિતા સલીમ, માતા આયશા તથા બે નાની બહેનો, રઝિયા અને સુલતાના સાથે બાપદાદાના જૂના મકાનમાં રહેતો. મકાનના રસોડામાં જ તેના પિતા પાંઉ અને બિસ્કિટ પકાવતા અને મકાનની આગળના ખંડમા તેનું વેચાણ કરતા. ઇરફાનની માતા પાંઉ અને બિસ્કિટના લોટ ગુંદતી અને સલીમ ઘેર ન હોય ત્યારે વેચાણ પણ કરતી. સલીમને મકાનની બાજુની ખાલી જગ્યામાં અલાયદી બેકરી અને દુકાન ચણાવવાની ખૂબ ઈચ્છા હતી પણ તેની કમાણીમાંથી ખાસ કંઈ બચતું નહિ તેથી આવો મોટો ખર્ચ તે કેવી રીતે કરે?

ઇરફાન ભણવામાં ઘણો હોશિયાર હતો અને યુનિવર્સિટીમાં ભણતો હતો. બેએક વર્ષમાં ભણવાનું પૂરું કરીને તેને કોઈ ઉચ્ચ હોદ્દાની નોકરી કરવી હતી. તેને સારું કમાઈને તેની બન્ને બહેનોને ભણાવવી હતી અને જૂના મકાનમાં સમારકામ કરાવીને આરામદાયક બનાવવું હતું. પણ એક દિવસ બજારમાં ગયેલા સલીમને જીવલેણ અકસ્માત નડ્યો. ઇરફાનની બધી ઈચ્છાઓ ધૂળમાં મળી ગઈ અને વીસ વર્ષના એ યુવાનની માથે ઘર અને કુટુંબની બધી જવાબદારી આવી પડી.

પણ ઇરફાને પોતે હિંમત રાખીને માતા અને બહેનોને સંભાળી લીધા. પોતે ભણવાનું છોડી દીધું અને સગાંસંબંધીઓ પાસે મદદ લઈને તેણે બહેનોનું ભણતર ચાલુ રખાવ્યું. સાંજે તે પાડોશના બાળકોને ટ્યૂશન આપવા લાગ્યો જેથી ઘરખર્ચ પૂરો પાડવામાં મદદ મળી.

બાળપણથી ઇરફાન તેનાં માતાપિતાને તેમના કામમાં મદદ કરતો તેથી તેને બેકરીના કામમાં ઘણી સૂઝ હતી જ. માતાને સમજાવીને મા-દીકરાએ બેકરીનું કામ ફરી શરૂ કરી દીધું. ઇરફાને ગ્રાહકો વધારવા પાંઉ અને બિસ્કિટ ઉપરાંત નાન, ખારી, કેક વગેરે પણ બનાવવાનું શરૂ કર્યું. વળી ગ્રાહકોની ઈચ્છા મુજબ તે આ બધી વસ્તુઓમાં સૂકો મેવો, ફળોનાં રસ, મસાલા વગેરે પણ ભેળવી આપતો અને જન્મદિવસની કેકને સુંદર ઘાટ આપી શણગારી આપતો તેથી આખા અમદાવાદમાં તેની નામના વધવા લાગી. વધારાના નફાથી ઇરફાન બેકરી માટે નવાં સાધનો વસાવતો ગયો અને તેણે માતાની મદદ માટે બે સ્ત્રીઓને પણ કામે રાખી લીધી.

થોડા સમય પછી, ઇરફાને ઘરની બાજુમાં એક આધુનિક બેકરી બંધાવી. બેકરીની આગળ કાચના કબાટોવાળી દુકાન બંધાવી અને તેનું નામ રાખ્યું 'સલીમની બેકરી'. હવે તેને ગુજરાતના બીજા શહેરોમાં બેકરીઓ ખોલવી છે.

© OCR 2013

**(ક)** ઇરફાનનો જન્મ ક્યા શહેરમાં થયો હતો?

........................................................................................................................ **[૧]**

**(ખ)** ઇરફાનના પિતાને કમાવા માટે શા માટે ઘરથી દૂર ન જવું પડતું? **બે** કારણો આપો.

**(૧)** ........................................................................................................................ **[૧]**

**(૨)** ........................................................................................................................ **[૧]**

**(ગ)** તેનાં માતા બેકરીમાં કઈ કઈ રીતે મદદરૂપ થતાં? **બે** વિગતો આપો.

**(૧)** ........................................................................................................................ **[૧]**

**(૨)** ........................................................................................................................ **[૧]**

**(ઘ)** ઇરફાનના પિતાની કઈ ઈચ્છા પૂરી થઈ શકતી નહોતી અને શા માટે?

**(૧)** કઈ ઈચ્છા? ........................................................................................................ **[૧]**

**(૨)** શા માટે? ........................................................................................................... **[૧]**

**(ચ)** ઇરફાન ભવિષ્ય માટે કયાં કયાં સ્વપ્નો સેવતો હતો?

**(૧)** ........................................................................................................................ **[૧]**

**(૨)** ........................................................................................................................ **[૧]**

**(૩)** ........................................................................................................................ **[૧]**

**(છ)** કયા કારણે ઇરફાનની ઈચ્છાઓ ફળી શકી નહિ?

........................................................................................................................ **[૧]**

© OCR 2013

**(જ)** ઇરફાને કઈ કઈ રીતે તેના કુટુંબ અને ઘરખર્ચની સંભાળ લીધી?

**(૧)** તેની બહેનોની? ........................................................................................................ **[૧]**

**(૨)** ઘરના ખર્ચની? ........................................................................................................ **[૧]**

**(ઝ)** ઇરફાનને બેકરીનું કામ પહેલેથી શા માટે આવડતું હતું?

........................................................................................................................ **[૧]**

**(ટ)** ઇરફાને બેકરીના કામ માટે કેવી રીતે મદદ મેળવી?

........................................................................................................................ **[૧]**

**(ઠ)** તેણે બેકરીના ધંધાને સૌ પ્રથમ કેવી રીતે વધાર્યો?

........................................................................................................................ **[૧]**

**(ડ)** ઇરફાન શા માટે અમદાવાદના લોકોમાં જાણીતો બન્યો? **બે** વિગતો આપો.

**(૧)** ........................................................................................................................ **[૧]**

**(૨)** ........................................................................................................................ **[૧]**

**(ઢ)** માતાને થોડો આરામ મળી શકે તે માટે ઇરફાને શું કર્યું?

........................................................................................................................ **[૧]**

**(ણ)** આપણે શા માટે કહી શકીએ કે ઇરફાને તેના પિતાની ઈચ્છા પૂરી કરી?

........................................................................................................................ **[૧]**

© OCR 2013

**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**
**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**
**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**
**[કુલ: ૫૦ ગુણ]**

**ખેલકૂદની સમસ્યાઓ**

૧. ખેલકૂદ કે રમતગમત આનંદનો વિષય છે જેમાંથી લોકો નિર્દોષ આનંદ અને તન-મનની તાજગી મેળવે છે. તેમ છતાં આવી સુંદર વસ્તુમાં પણ અણગમતી સમસ્યાઓ વધતી જાય છે.

૨. ખેલકૂદના મેદાનોમાં ખેલાડીઓને અકસ્માતમાં શારીરિક ઈજાઓ પહોંચી શકે એ તો સ્વીકારી શકાય, પણ ક્યારેક એક ખેલાડી જાણી જોઈને બીજા ખેલાડીને ઈજા પહોંચાડે છે. રમતગમતમાં ભેદભાવ પણ જોવા મળે છે. ખરેખર સારા ખેલાડીઓ રમવા માટે પસંદ નથી કરાતા અને લાગવગને જોરે આવેલા ખેલાડીઓ હારીને દેશનું નામ બગાડે છે. ક્યારેક ખેલાડીઓ તેમનું જોર વધારવા ગેરકાયદેસર રીતે દવાઓનો ઉપયોગ કરીને છેતરપીંડી કરે છે એ ખેલકૂદ માટે કલંકરૂપ છે. અમુક રમતોમાં 'મેચ ફિક્સિંગ' પણ એક મોટી મુશ્કેલી છે.

3. તે ઉપરાંત, કોઈ વાર ટીમના ચાહકો પોતાની ટીમ હારે તો તોફાન કરે છે. ક્યારેક આતંકવાદીઓ ધમકીઓ આપે છે. તેથી દેશને ખેલકૂદની સુરક્ષા માટે મોટો ખર્ચ કરવો પડે છે.

૪. અમુક ખેલાડીઓને લાખો પાઉન્ડ પગાર પેટે ચૂકવવામાં આવે છે તે યોગ્ય નથી જ. જીવંત રમતની ટિકિટો ખૂબ મોંઘી હોય છે એટલે સામાન્ય માણસે તો ઘેર બેસીને ટેલિવિઝન પર રમત જોઈને જ સંતોષ માનવો પડે છે.

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં (લગભગ ૧૦૦ શબ્દોમાં) લખો.**

ઉપરના લેખમાં આપેલી ખેલકૂદની સમસ્યાઓની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

**સવાલ ૭.બ. હવે (લગભગ ૨૦૦ શબ્દોમાં) તમારા અભિપ્રાયો આપો.**

'રમતગમતના મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો યોજવાના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે.' આ નિવેદન માટે તમારો શું અભિપ્રાય છે?

© OCR 2013

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં (લગભગ ૧૦૦ શબ્દોમાં) લખો.**

ઉપરના લેખમાં આપેલી ખેલકૂદની સમસ્યાઓની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

© OCR 2013

**સવાલ ૭.બ. હવે (લગભગ ૨૦૦ શબ્દોમાં) તમારા અભિપ્રાયો આપો.**

'રમતગમતના મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો યોજવાના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે.' આ નિવેદન માટે તમારો શું અભિપ્રાય છે?

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

........................................................................................................................................................

© OCR 2013

